सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૧૬ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

# ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૪૭/૨૦૨૬**

**અરજદાર:–** જયરાજસિંહ ઉર્ફે પપ્પુ અશ્વીનભાઈ ઝાલા
ઉ.વ.આ. ૧૮, ધંધો–ખેતી,
રહે. ગોગજીપુરા, પો. છીપડી,
તા. કઠલાલ, જિ. ખેડા.
**(હાલ રહે. સબ જેલ, બીલોદરા, નડીઆદ)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી
**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

**************************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. આર. ત્રીવેદી
મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. જે. પ્રજાપતિ
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ. આર. પટેલ

**************************************************************************

## –:: આંક–૦૧ અન્વયે હુકમ ::–

(૧) સદર કામે અરજદાર/આરોપીને કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪ ૦૨૭૨૫૦૭૬૬/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૦૯(૧), ૩૫૧(૩)

૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)ના કામે જયુડીશ્યલ કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી, શ્રી સરકાર તરફે વિ. એ. પી. પી. શ્રીને તથા મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ તથા મુળ ફરીયાદી તરફે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી નં. ૧ નાએ તેઓની સફેદ કલરની વેગેનાર ગાડી ફરીયાદીની નજીકથી ઘસીને કાઢી ગાડી લઈ જતા રહેલ હતા. ત્યારબાદ વીસેક મીનીટ બાદ આરોપી નં. ૧નાઓ આરોપી નં. ૨ થી ૪ નાઓને તેઓની સફેદ કલરની વેગેનાર ગાડીમા બેસાડી ફરીયાદીની દુકાન પાસે આવેલ તે વખતે ફરીયાદીએ આરોપી નં. ૧ને ગાડી ધીમી ચલાવવા બાબતે ઠપકો કરતા આરોપી નં. ૧નાઓ ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી ફેંટ પકડી ગડદાપાટુનો માર મારવા લાગેલ અને તે વખતે ફરીયાદીનો દીકરો સાહેદ હીતેશનાઓ ફરીયાદીને છોડાવવા વચ્ચે પડતા સાહેદ હીતેશને આરોપી નં. ૧–૩–૪ નાઓએ પકડી રાખેલ અને આરોપી નં. ૨એ સાહેદ હીતેશને જાનથી મારી નાંખવાના ઈરાદે તેના હાથમાનુ દાંતાવાળુ ચપ્પુ સાહેદ હીતેશને પેટના ભાગે મારી જાનથી મારી નાંખવાની કોશીશ કરી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી તમામ આરોપીઓ એકબીજાની મદદગારી કરી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી મહે. જીલ્લા મેજી. ના જાહેરનામાનો ભંગ કરી ગુનો ગુનો કરેલ. જે મતલબની કઠલાલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી કે કોઈ ગુનો કરે તેવા

નથી. ફરીયાદ જોતાં અરજદારે આવો કોઈ કહેવાતો ગુનો આચરેલ નથી અને સદર ગુનામા કોઈ ભાગ ભજવેલ નથી. સદર ગુનામા અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ નથી. ફરીયાદમા અરજદાર/આરોપીનુ નામ ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. સદર ગુનાની તપાસ પુર્ણ થઈ જતાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. જેથી પુરાવા સાથે ચેડા થવાની કોઈ શકયતા નથી. આ કામના આરોપી નં. ૧ તથા ૩નાઓ જામીન ઉપર મુકત છે. જયારે આરોપી નં. ૪નાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુકત કરેલ છે. અરજદાર/આરોપી એક માત્ર તેઓના કુટુંબના કમાવનાર વ્યકિત છે. તેઓના કુટુંબની ભરણપોષણની જવાબદારી અરજદાર/આરોપી ઉપર છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામે સ્થાનીક રહેવાસી છે. અરજદાર/આરોપી જંગમ મીલકતો ધરાવે છે. અરજદાર/આરોપી નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૭૬૬/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૧૦૯(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર / આરોપીએ અગાઉ જામીન અરજી કરેલ જે નામંજુર થયેલ છે. આ કામના આરોપીઓએ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદને ગડદાપાટુનો માર મારેલ છે અને ઈજા પામનાર સાહેદને પકડી રાખેલ અને અરજદાર/આરોપીએ ઈજા પામનાર સાહેદને મારી નાંખવાના ઈરાદે ચપ્પાના ઘા મારી જીવલેણ હુમલો કરી પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડેલ છે અને તમામ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે. અરજદાર/આરોપીની ગુનામા સંડોવણી ફલીત થાય છે. વધુમાં

વિધ્વાન એ. પી. પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/ આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) મુળ ફરીયાદી તરફે આંક–૦૬થી સોગંદનામું રજુ કરી લેખીત વાંધા રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તેઓ ઈજા પામનાર છે. અરજદાર/આરોપીએ તેઓને ચપ્પુના ઘા પેટના ભાગે મારતાં તેઓને ગંભીર ઈજાઓ થયેલી. તેઓ ૩૦ દીવસ જેટલા હોસ્પી.મા દાખલ રહેલ અને હાલમા પણ તેઓની સારવાર ચાલુ છે. અરજદાર/આરોપી તેઓના ગામના જ છે અને માથાભારે ઈસમ છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવે તો ફરીથી તેઓ ઉપર હુમલો કરે અને તેઓને મારી નાંખે તે શકયતાને નકારી શકાય નહી. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા વિનંતી કરેલ છે.

(૭) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૭૬૬/૨૦૨૫થી બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૧૦૯(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) જેવા ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતા અરજદાર/આરોપી વિરૂધ્ધ નામજોગ તથા રોલ જોગ ફરીયાદ છે. અરજદાર/ આરોપીએ અગાઉ રેગ્યુલર જામીન અરજી કરેલી જે નામંજુર કરવામા આવેલ છે. ત્યારબાદ સંજોગો મા કોઈ ફેરફાર થયેલ નથી. અરજદાર/આરોપી ઉપર ઈજા પામનાર સાહેદને ચપ્પાથી પેટના ભાગે ઘા માર્યાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી અને ફરીયાદી/ઈજા પામનાર બંને એક જ સમાજના તથા ગામના છે. વધુમા સામસામે ફરીયાદો થયેલ છે જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામા આવે તો સુલેહ ભંગ થવાની પુરેપુરી શકયતા છે. જેથી અરજદાર/આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામા આવે તો સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના ને નકારી શકાય નહી. આમ અરજદાર/આરોપી વિરૂધ્ધ સદર ગુનામા આક્ષેપો અને અન્ય તમામ સંજોગો ધ્યાને લેતાં

અરજદાર/આરોપીની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ના પરીક્ષેપમા આવતી ન હોય અદાલતને પ્રાપ્ત કલમ–૪૮૩ની મનસુફીની સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને હાલના તબકકે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૪૭/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૬, માહે માર્ચ,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ